
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ઊભા થાવ હવે, મોદીજીએ આત્મનિર્ભર થવાનું કહ્યું છે... આત્મનિંભર નહીં...!!



કોરોનાની મહામારી સમયે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સતત જાગૃતિ અભિયાન ચલાવાઈ રહ્યું છે. શહેરમાં રીક્ષા દ્વારા સતત પ્રચાર પ્રસાર કરી કોરોના અંગેની જાણકારી અપાઈ રહી છે.

# જિલ્લામાં ૧૬૭૭ વ્યક્તિઓને કોરોન્ટાઈન કરવામાં આવ્યા

### ગાંધીનગર જિલ્લામાં ૮૬ કોરોના પોઝિટીવ કેસમાંથી ૫૦ સ્ટેબલ અને ૩૧ વ્યક્તિઓને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ- ૮૬ કોરોના પોઝિટીવ કેસ આવ્યા છે. જેમાંથી ૫૦ કોરોનાના દર્દીઓ સ્ટેબલ છે. તેમજ ૩૧ વ્યક્તિઓએ કોરોનાને પરાસ્ત કરતા ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. પાંચ વ્યક્તિઓના મૃત્યૃ થયા છે. તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં તા. ૧૨મી મે, ૨૦૨૦ ના રોજ સાંજના ૫.૦૦ કલાક બાદ બે કોરોનાના પોઝિટીવ કેસ આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાના વાવોલ ગામના ૩૨ વર્ષીય યુવાન અને કલોલ તાલુકાના બોરીસણા ગામની ૩૭ વર્ષીય મહિલાને કોરોના પોઝિટીવ કેસ છે. તેમજ દહેગામની બે મહિલાઓએ કોરોનાને પરાસ્ત કરતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૨૦ વ્યક્તિઓને કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાં ૧૦૩ વ્યક્તિઓને હોમ કોરોન્ટાઈન અને ૧૭ વ્યક્તિ સરકારી ફેસીલીટીમાં કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. માણસા તાલુકામાં ૨૪૯ વ્યક્તિઓને હોમ કોરોન્ટાઈન, ૨૩ વ્યક્તિઓને સરકારી ફેસીલીટી કોરોન્ટાઈન મળી કુલ- ૨૭૨ વ્યક્તિઓને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. કલોલ તાલુકામાં ૧૦૫૩ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈન, ૧૨ સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઈન ૬૯ વ્યકિતઓને ખાનગી ફેસીલીટીમાં કોરોન્ટાઈન મળી કુલ- ૧૧૩૪ વ્યક્તિઓને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. દહેગામમાં ૧૫૧ વ્યક્તિઓને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ૧૪૬ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈન અને પાંચ વ્યક્તિઓને સરકારી ફેસિલીટી કોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# જિલ્લામાં વિદેશથી આવેલા પચ્ચીસ નાગરિકોને ફેસીલીટી કોરોન્ટાઈન કરાયા

### તમામ લોકો ગાંધીનગરની અલગ અલગ હોટલમાં રોકણ પસંદ કર્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે વિદેશ આવેલા ૨૫ ગુજરાતીઓને કવોરેન્ટાઈન ફેસીલીટી પર લાવવામાં આવ્યા છે. આ તમામ વિદેશથી આવેલા નાગરિકોએ પેઈડ કવોરેન્ટાઈન ફેસીલીટીમાં રહેવાનું પસંદ કર્યુ છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આવતાં વિદેશથી આવેલા ગુજરાતી નાગરિકોને તેમના ૧૪ દિવસના કવોરેન્ટાઈન ફેસેલીટી માટે એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા વિદેશથી પરત ફરનાર નાગરિકોને તેમનો આ સમયગાળો સરળતાથી પસાર થાય અને તેમના આરોગ્યની ચકાસણી યોગ્ય રીતે થાય તેની કામગીરી ૧૧ સભ્યોની કમીટી દ્વારા કરવામાં આવી રહી છે.

હાલમાં ગાંધીનગરમાં કુલ- ૨૫ અલગ અલગ ગુજરાત રાજયના જિલ્લાના વિદેશથી આવેલા નાગરિકોને કવોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. આ તમામે પેઈડ ફેસીલીટીમાં રોકવાનું પસંદ કર્યુ છે. જેમાંથી ૧૮ વ્યક્તિઓને ફોરચ્યુન ઈન હવેલી ( હોટલ હવેલી)માં રોકવામાં આવ્યા છે. તેમજ ૫ વ્યક્તિઓને શગુન હોટલ અને ૨ વ્યક્તિઓએ મેરીગોલ્ડ હોટલમાં રોકાવવાનું પસંદ કર્યુ છે.

આ તમામ લોકો ગાંધીનગર ખાતે ૧૪ દિવસ માટે કવોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જયાં તેમના આરોગ્યની ચકાસણી, રહેવા, જમવા જેવી તમામ સુવિધાઓ આપવામાં આવશે. આજે રાત્રિના ૧૧.૦૦ કલાક બાદ કુવૈત અને યુ.કે થી વિદેશમાંથી ગુજરાતી નાગરિકો આવવાના છે.

# ધંધા-ઉદ્યોગ ક્ષેત્રના પુર્નગઠનની ભલામણ સુચવવા સમિતિ

### રાજ્યમાં આર્થિક ગતિવિધિ પૂર્વવત કરવા નિર્ણય : સમિતિ સર્વગ્રાહી તલસ્પર્શી કાર્યયોજના એક્શન પ્લાન સાથેનો ભલામણ અહેવાલ એક માસમાં સરકારને સોંપશે

ગાંધીનગર,તા.૧૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ની સ્થિતી બાદ રાજ્યમાં આર્થિક પૂનનિર્માણ પગલાં અને રાજકોષિય-ફિઝકલ પૂનર્ગઠનની ભલામણો માટે એક ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરી છે. મુખ્યમંત્રીએ આ સમિતીના અધ્યક્ષપદે ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાની નિમૂણંક કરી છે. ૬ સભ્યોની આ સમિતીમાં વિવિધ આર્થિક ક્ષેત્રના પ્રતિષ્ઠિત તજ્જ્ઞોનો પણ સમાવેશ કરાયો છે. વિજય રૂપાણીએ આ સમિતીમાં આઈઆઈએમ અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા, જાણીતા ટેક્ષ કન્સલટન્ટ મૂકેશ પટેલ, ફાયનાન્સીયલ એકસપર્ટ પ્રદિપ શાહ, પૂર્વ આઈએએસ અધિકારી કિરીટ શેલત અને સભ્ય સચિવ તરીકે જીઆઈડીસીના એમડી એમ થેન્નારસનની નિયુકતી કરી છે. પ્રવર્તમાન કોરોના વાયરસ કોવિડ-૧૯ની આ વૈશ્વિક મહામારી સામે ગુજરાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં અન્ન સુરક્ષા, આરોગ્ય રક્ષા અને અન્ય ક્ષેત્રોમાં શ્રેણીબદ્ધ પ્રોત્સાહક પગલાંઓ લીધા છે. ગુજરાત દેશના અર્થતંત્ર અને ઔદ્યોગિક ગતિવિધિનું એક મહત્વપૂર્ણ રાજ્ય તથા મેન્યૂફેકચરીંગ હબ છે ત્યારે કોવિડ-૧૯ની આ મહામારીને પરિણામે રાજયની એ ગતિવિધિઓને વ્યાપક અસર પહોંચી છે. આ મહામારીના સંકટથી રાજયના અર્થતંત્રની ડિમાન્ડ અને સપ્લાય ચેઈનને પણ વિપરીત અસર પડી છે. એટલું જ નહિ, સ્જીસ્ઈ સેકટર સહિતના અન્ય ક્ષેત્રો પણ આ અસરનો ભોગ બનેલા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ કરીને તેમજ દેશના અન્ય રાજયોમાંથી ગુજરાતમાં રોજી-રોટી માટે વસેલા શ્રમિકો પણ તેમના વતનમાં પરત ગયા છે તે સ્થિતીને ધ્યાને લઈને અર્થતંત્રની આર્થિક ગતિવિધિઓની સુધારણા માટેની ભલામણો સુચવવા આ ઉચ્ચસ્તરિય સમિતી રચવાનો નિર્ણય કર્યો છે. ડૉ. હસમુખ અઢિયાના અધ્યક્ષસ્થાને રચાયેલી આ સમિતીએ તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથે પોતાની ભલામણોનો અહેવાલ રાજ્ય સરકારને એક મહિનામાં આપવાનો રહેશે. સમિતી આ અંગેનો વચગાળાનો અહેવાલ ઈન્ટરીમ રિપોર્ટ બે સપ્તાહમાં સરકારને સોંપશે. આ ઉચ્ચસ્તરીય સમિતી રાજયમાં સેકટરલ-સબ સેકટરલ આર્થિક નુકશાનનો અભ્યાસ કરીને સેકટર સ્પેસીફિક પૂર્નગઠન માટેના ઉપાયો-સૂઝાવો આપશે.


સમિતીના અન્ય કાર્યક્ષેત્રોમાં જે બાબતોને આવરી લેવામાં આવી છે તેમાં રાજયની રાજકોષિય-ફિઝકલ અને અંદાજપત્રીય બજેટ સ્થિતીની સમીક્ષા અને તેના સુધારાત્મક પગલાંઓ સૂચવવાની બાબતનો પણ સમાવેશ કરાયો છે. એટલું જ નહિ, કોવિડ-૧૯ મહામારી પછીની ઉદભવનારી સ્થિતીમાં રાજકોષિય ખાધ-ફિઝકલ ડેફિસીટ અંદાજો અને વર્તમાન કર માળખાની પણ પૂર્નવિચારણા તેમજ પૂર્નગઠનની બાબતે પણ આ સમિતી ભલામણો કરશે.

## ૩.૯૦ લાખ પરપ્રાંતિય શ્રમિક વતન જવા રવાના

મુખ્યમંત્રી વિજય રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા અત્યાર સુધીમાં ૨૬૨ વિશેષ ટ્રેન દ્વારા કુલ ૩ લાખ ૯૦ હજાર જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજ્યમાં મોકલવાની વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનિકુમારે વધુ વિગતો આપતા જણાવ્યું કે, સમગ્ર દેશમાંથી આવી ૬૪૦ વિશેષ શ્રમિક સ્પેશ્યલ ટ્રેન પરપ્રાંતિય-શ્રમિકોને વતન રાજ્ય જવા માટે ચલાવવામાં આવી છે તેમાં સૌથી વધુ ૨૬૨ ટ્રેન એટલે કે ૪૧ ટકા ટ્રેન માત્ર ગુજરાતમાંથી રવાના થઈ છે. આજે વધુ ૩૭ સ્પેશિયલ ટ્રેનના માધ્યમથી પરપ્રાંતિય શ્રમિકો અને મજૂરોને ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને અન્ય રાજ્યોમાં પહોંચાડવામાં આવશે.

## સમરસતા સંસ્થાન દ્વારા ‘કોરોના’ વિષયે ઓનલાઈન કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર ખાતેથી કવિ મુકેશ વ્યાસ દ્વારા સમરસતા સંસ્થાન, પરફેકટ ઈવેન્ટસ અનેલાઈફ મેનેજમેન્ટના સંયુકત ઉપક્રમે તાજેતરમાં ઓનલાઈન




કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેનો વિષય ‘કોરોના’ રાખવામાં આવ્યો હતો. આ ઓનલાઈન કવિ સંમેલનનું કોરોના વોરિયર્સને સલામી આપવાના હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ ભાગમાંથી ૧૨ કવિઓએ ભાગ લીધો હતો.

ઓનલાઈન કવિ સંમેલન કાર્યક્રમના અધ્યક્ષ પદે ભીલવાડાના રાષ્ટ્રીય કક્ષાના ગીતકાર તથા કવિ નરેન્દ્ર દાધીચે ઉપસ્થિત રહી પોતાની કૃતિ દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. વીરરસથી સજ્જ તેમની કવિતા પછી રાજસ્થાનના કવિ નવીન નવલીગોદ, મુકેશકુમાર વ્યાસ, બાંસવાડાના રજનીશ શર્મા, સુરતના ડૉ. પુનમ ગુજરાની, અમદાવાદના સંપત લુહાર અને વિનીત શર્મા, ડૉ. ઉર્મિલા વિશ્વકર્મા, નલિની શર્મા, મુકેશ પાંડેય ‘જીગર’, ઉપરાંત દુબઈથી નવીન ચતુર્વેદીએ તેમની કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમના અંતમાં સંપત લુહારે આભારવિધિ કરી હતી જયારે સમરસ સંસ્થાના અધ્યક્ષ મુકેશકુમાર વ્યાસ, કોષાધ્યક્ષ અજય પંચારિયા, કાર્યાલય મંત્રી મનીષ જોશીએ તમામ કવિઓને સંસ્થાના આજીવન સભ્ય તરીકે અને રાષ્ટ્રીય કવિ નરેન્દ્ર દાધિચને આજીવન સંરક્ષક તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. તમામ કવિઓને ઓનલાઈન પ્રમાણપત્ર તથા પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા.



શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનમાં પોલીસ કર્મચારીઓ ખડેપગે સેવા બજાવી રહ્યા છે. પોલીસ સાથે સહયોગી કર્મચારીઓ પણ સામેલ છે. શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત કન્ટેનમેન્ટ ઝોનમાં આકરો તાપ સહન કરીને કોરોના વોરિયર્સ તરીકે ઉમદા કામગીરી કરી રહી છે. સેકટરવાસીઓ પણ પોલીસની આ કામગીરીને બિરદાવી રહ્યા છે. દિવસની ગરમી અસહ્ય બની છે. ત્યારે ખુલ્લામાં હીટવેવ વચ્ચે ઝોનમાં કામ કરતા પોલીસ સહીત અન્ય કર્મચારીઓને સ્થાનિકો પણ સહયોગ આપી રહ્યા છે. સે-૩ સી માં પણ છેલ્લા ૧૪ દિવસથી પોલીસ ખડપગે તૈનાત છે. સેકટરવાસીઓ સાથે પારિવારિક ભાવનાથી જોડાયેલા આ પોલીસ જવાનોની ડયુટીને સલામ કરતા નાગરિકો પણ તેમને પુરતો સહકાર આપી કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી.

# વિદેશી કંપની કોરોનાની રસી બનાવે તો લેવાની કે આત્મ નિર્ભર જ રહેવાનું..??

### સોશિયલ મિડિયા પર ‘‘સાહેબ’’ના ભાષણ પછી રમૂજી ચબરાકિયાંની ભરમાર

ગાંધીનગર, તા. ૧૩

*કોરોના કટોકટીમાં લોકડાઉન દરમિયાન ઘરમાં પુરાયેલા નાગરિકો માટે સોશિયલ મિડીયા એ ટાઈમ પાસ માટેનું એક માત્ર હાથવગુ ઉપયોગી સાધન બની જવા પામ્યુ છે. સોશિયલ મિડીયા પર કોરોના મહામારી અંગે જાણકારી તથા જાગૃતિ ઉપરાંત રમૂજી ટૂચકા પણ અત્યારે ખૂબ વાઈરલ થઈ રહ્યાં છે અને નાગરિકો કોઈપણ પરિસ્થિતિને અવનવા અબરાકિયાં થકી હળવી બનાવવામાં પાવરધા બની ગયાં છે. મંગળવારે રાત્રે ૮ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશવ્યાપી સંબોધનમાં નાગરિકોને લોકડાઉન-૪ આવશે કે નહી અને જો આવશે તો કેવુ હશે તે અંગેની જાહેરાત થવાની અપેક્ષા હતી પરંતુ ‘‘સાહેબે’’ આર્થિક પેકેજની જાહેરાત કરી ફરી એકવાર નાગરિકોને અચંબિત કર્યા હતા. આ સંબોધન પછી સોશિયલ મિડીયા પર ફરી એકવાર અવનવા રમૂજી ચબરાકિયાં ફરતાં થઈ જવા પામ્યાં છે જે પૈકી કેટલાંક સેમ્પલ્સ અત્રે પ્રસ્તુત છે.*

- મારો એક પ્રશ્ન છે, જો કોઈ વિદેશી કંપની કોરોનાની વેક્સિન બનાવે તો તે લેવાની કે આપણે ‘‘આત્મનિર્ભર’’ જ રહેવાનું ??
- આજે મોદીજીનું ભાષણ સાંભળતા સાંભળતા પત્નિ પાસે એક ગ્લાસ પાણી માંગ્યુ તો તેણે તરત જ કહ્યું ‘‘આત્મનિર્ભર બનો’’, આમ આત્મિનિર્ભરતાનો પહેલો શિકાર હું બન્યો.
- સાહેબના આખા ભાષણને ટૂંકમાં સમજીએ તો ‘‘અબ્બા, ડબ્બા, ચબ્બા...!!’’
- સાહેબ વાર્તા લાંબી કરે છે, એટલે બીક લાગે છે તેઓ ઈન્જેક્શન પહેલા સ્પિરીટનું પુમડુ ફેરવતાં હોય તેવું લાગે છે.
- ૨૦૨૦ના વર્ષમાં આજે ૨૦ કલાકને ૨૦ મિનિટે ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત...મોદીજી જ્યારે કંઈક કરે છે, તોફાની જ કરે છે.
- હું તો શંખ, નગારા, થાળી, વાટકા, બ્યુગલ, પીપુડી બધુંય સાથે ભેગું કરીને બેઠો છુ, ખબર નહી સાહેબ આજે શું વગાડવાનું કહેશે ?
- આજે પિરિયડ હતો મેડીકલનો અને સાહેબ તો ઈકોનોમિક્સ ભણાવીને જતાં રહ્યા.
- તમારા રંગરૂપને બદલવા લોકડાઉન-૪ નવા રંગરૂપ સાથે તા. ૧૮મી મે થી શરૂ થશે.
- તા. ૧૮-૫-૨૦ થી શરૂ થતા લોકડાઉન-૪ પર્વની આપને હાર્દિક શુભકામના. અને લોકડાઉન-૧, ૨ અને ૩ માં હતી તેના કરતા વધારે સહન કરવાની શક્તિ પ્રભુ આપે તેમને આપે તેવી પ્રાર્થના.
- સાહેબ તો કોથળામાંથી બિલાડુ કાઢ્યું એય પાછુ ૨૦ લાખ કરોડનું, હાલો, હાલો, હાલા કરી જાવ બધા...
- લોકડાઉન-૪ હજુ બ્યુટિપાર્લરમાં છે તા. ૧૮મી મે એ નવા રંગરૂપ સાથે સજીને આવશે.
- ક્યાં સુધી ખાલી આપણે સમજવાનું, થોડુ તો હવે કોરોનાએ પણ સમજવુ જોઈએ ને ?
- ગલ્લાં ચાલુ થશે કે નહી તે જાણવા સાહેબને સાંભળવા બેઠેલા નાગરિકોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું..!!
- હજુ સુધી એ તો ખબર જ ના પડી કે તા. ૧૮મી પછી પેન્ટ પહેરવાનું છે કે બર્મુડામાં જ રહેવાનું છે ?
- હવે ગુજરાતવાળાઓએ પણ આત્મનિર્ભર બનવું પડશે, ક્યાં સુધી આબુ કે દીવ-દમણના ભરોસે રહેવાનું ?
- પાકિસ્તાનવાળા કહી રહ્યાં છે કે મોદી સાહેબ જુઠ્ઠુ બોલી રહ્યાં છે, આટલા પૈસા ક્યાંય હોતા નથી.
- આજના ૩૩ મિનિટના ભાષણને બદલે ‘‘બુઝુર્ગોને ફરમાયા કે પૈરો પે અમને ખડે હો કે દિખલાઓ’’ આ ગીત મુકી દીધુ હોત તો પણ ચાલત, તેમાં બધુ આવી જાત.

# કલોલ તાલુકાના પાંચ ગામોની ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ મુલાકાત લીધી

### કલોલ તાલુકાના બોરીસણા ગામના કોરોના પોઝિટીવ દર્દી સાથે જિલ્લા વિકાસ અધિકારીએ ટેલિફોનિક વાત કરીને ખબરઅંતર પુછ્યા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે આજરોજ કલોલ તાલુકાના બોરીસણા, રકનપુર, નાસ્મેદ, સાંતેજ અને રાંચરડા ગામની



મુલાકાત લીધી હતી. બોરીસણા ગામમાં કોરોના પોઝિટીવ આવેલા દર્દી અને તેમના પરિવાર સાથે ટેલિફોનિક વાત કરીને તેમના ખબર અંતર પુછ્યા હતા.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે બોરીસણા ગામમાં કોરોના પોઝિટીવ આવેલા દર્દીના નિવાસસ્થાન વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમજ સરપંચશ્રી, આરોગ્ય કર્મીઓની ટીમ, તલાટી કમ મંત્રી તથા સ્થાનિક પોલીસને સાથે રાખી સમગ્ર વિસ્તારને સીલ કરી દેવા અને લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા માટેની સૂચના આપી હતી. તેમજ ઓરાગ્યકર્મીઓને હાઉસ ટુ હાઉસ સર્વે કરવાની સૂચના આપી હતી.

આ તમામ ગામોની મુલાકાત દરમ્યાન લોકડાઉનની પરિસ્થિતિ, માસ્કની અમલવારી થાય છે કે નહિ, હોમકોરોન્ટાઈન અને ફેસીલીટી કોરોન ટાઈન લોકોના ધરોની મુલાકાત લઈ સર્વે થાય છે કેમ, ગામમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ થાય છે કે કેમ, બહારથી અવરજવર કરતા ઈસમોનું મુમેન્ટ રજિસ્ટર નિભાવવામાં આવે છે કે કેમ, સોશ્યિલ ડિસ્ટન્સીંગનું પાલન થાય છે કેમ, તેવી તમામ બાબતોની ખાતરી કરી આ તમામ બાબતોનું સખ્ત પાલન થાય તે માટે તમામને સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ રાંચરડા ગામની પણ મુલાકાત લીધી હતી. જે ગામમાં અગાઉ એક છ વર્ષીય બાળકને કોરોનાનો પોઝિટીવ કેસ આવ્યો હતો. જે ગામ હાલ કોરોના મુક્ત થઈ ગયેલ છે તે વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમજ રાંચરડા મુકામે આવેલા ફેસીલીટી સેન્ટર ઈન્ડસ ટેકનોલોજી ઈન્સ્ટ્રીટયુટની મુલાકાત લઈ આ ફેસીલીટી સેન્ટરમાં સારવાર લઈ રહેલા કોરોનટાઈન વ્યકતિઓની ટેલીફોનિક ખબરઅંતર પુછ્યા હતા. એક માસથી ખૂબ જ સરાહનીય કામગીરી કરનાર ડાૅક.ટરોની ટીમનો અને તલાટીશ્રીની કામગીરીની નોંધ લઈ શ્રી રાવલ દ્વારા તમામ કર્મયોગીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગુજરાત ગૌરવ દિન નિમિત્તે યોજાયેલી ચિત્ર, નિબંધ અને કાવ્યલેખન સ્પર્ધા માટે ૨,૦૯,૨૭૯ કૃતિઓ મળી

### દરેક સ્પર્ધામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ૧૫,૦૦૦, બીજા નંબરે આવનાર વિદ્યાર્થીને ૧૧,૦૦૦ અને ત્રીજા નંબરે આવનાર વિદ્યાર્થીને ૫,૦૦૦નું પારિતોષિક આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકાર દ્વારા ૧લી મે ૨૦૨૦ના રોજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ગુજરાત ગૌરવ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને કાવ્ય લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં ગુજરાતની તમામ પ્રકારની શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભાગ લેવા અપીલ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ પોતે જે જિલ્લામાં અભ્યાસ કરતાં હોય તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને નિયત કરેલ ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી આપવાની હતી.

૧૦મી મે સુધી યોજાયેલી આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં ચિત્રસ્પર્ધાની ૭૦૪૬૪, નિબંધ સ્પર્ધાની ૩૮૦૩૭ અને કાવ્ય લેખનની ૧૫૭૩૩ મળીને કુલ ૧,૨૪,૫૩૪ કૃતિઓ મળી છે. જ્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ચિત્ર સ્પર્ધાની ૪૨૦૯૦, નિબંધ સ્પર્ધાની ૩૧૭૪૧ અને કાવ્ય લેખનની ૧૦૯૧૪ મળીને કુલ ૮૪૭૪૫ કૃતિઓ પ્રાપ્ત થયેલ છે. આમ, પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાંથી કુલ ૨,૦૯,૨૭૯ જેટલી કૃતિઓ પ્રાપ્ત થયેલ છે. આ કૃતિઓની જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મારફતે ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.

બંને વિભાગોમાં જિલ્લા કક્ષાએ દરેક સ્પર્ધામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને રૂ.૧૫,૦૦૦, બીજા નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ.૧૧,૦૦૦ અને ત્રીજા નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ. ૫,૦૦૦નું પારિતોષિક આપવામાં આવશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ગુજરાતના વિદ્યાર્થીઓએ ગુજરાત ગૌરવ દિનની કરેલી ઉત્સાહભેર ઉજવણી માટે શિક્ષણ વિભાગના તમામ અધિકારીઓ/કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓને વિશાળ સંખ્યામાં ભાગ લેવા બદલ મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા છે. માત્ર સ્પર્ધા જ નહી પરંતુ તમામ ક્ષેત્રે ગુજરાતના ગૌરવને વધારવા તમામ ગુજરાતીઓ પોતાનો સાથ અને સહકાર આપે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.



## કોરોના વોરિયર્સનું સન્માન

ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ તથા અગ્રણી દિનેશભાઈ પટેલ, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી તથા પંચાયત સદસ્ય નટુભાઈ પટેલ પત્રકારનું વોરિયર્સ તરીકે શાલ ઓઢાડી, ફુલહાર પહેરાવી બહુમાન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં ગામના સફાઈકર્મી, પંચાયતકર્મી ધર્મેન્દ્રજી ઠાકોર અને રોહિતભાઈ પટેલ, કોમ્પ્યુટર ઓપરેટર બિરેન પટેલનું પુષ્પવર્ષા કરી સફાઈકર્મીને માથે પહેરવાની કેપ આપી બહુમાન કરી તેમની વિશિષ્ટ કામગીરી કરવા બદલ આભાર વ્યક્ત કરી તેમનો જુસ્સો વધાર્યો હતો. પંચાયતકર્મી દ્વારા ગામમાં કોરોના મહામારીમાં સેનેટાઈઝેશન, માસ્કવિતરણ, ગામ સ્વચ્છતા, ગામ પ્રવેશબંધી, રજીસ્ટર નોંધણી વગેરે કામનું મોનિટરીંગ કરી લોકડાઉનનું ચુસ્ત અમલવારી કરવામાં સાથ સહકારનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે.